# મનપા હદ વિસ્તરણ દરખાસ્ત મંજૂર

**વિપક્ષનો વોકઆઉટ : ભાજપે હદ વધારાની દરખાસ્ત મંજૂર કરી : હદ વધારવાની દરખાસ્ત પર ૪ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો : ભાજપના કાર્તિક પટેલના પ્રવચનના પ્રારંભે જ વિપક્ષને ભીંસમાં લેતાં કોંગ્રેસે સભા ત્યાગની જાહેરાત કરી તો મેયરે પ્રસ્તાવ પર મત મેળવી લીધો**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં અપેક્ષા મુજબ હદ વધારાની દરખાસ્તને કોંગ્રેસના વોકઆઉટ અને મતદાનથી અળગા રહેતાં હાથ ઊંચા કરી ભાજપે તે પસાર કરી છે.

આજે મનપાના સભાખંડમાં મળેલી આ સામાન્ય સભા ખાસ સામાન્ય સભા હતી. કોંગ્રેસ તરફથી વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતુભાઈ રાયકા અને હસમુખ મકવાણાએ ભાગ લીધો હતો. જ્યારે સત્તાધારી ભાજપમાંથી કાર્તિક પટેલે ભાગ લીધો હતો.

આજે સામાન્ય સભા દરમ્યાન વિપક્ષના સભ્યોના પ્રવચન વખતે શાબ્દીક ટપાટપી મેયર અને સભ્યો વચ્ચે થતી જોવા મળી હતી.

ભાજપના કાર્તિક પટેલે પોતાની ચર્ચાના આરંભમાં જ વિપક્ષ પર કેવી રાજનીતિ કરે છે તેનો પર્દાફાશ કરવાનો આરંભ કરતાં જ સભામાં હોબાળો મચી ગયો હતો અને કોંગ્રેસે સભાત્યાગની જાહેરાત કરી હતી.

કાર્તિક પટેલે પોતાના પ્રવચનના પ્રારંભમાં જ કહ્યુ કે જ્યારે ગાંધીનગરની હદમાં સાત ગામોનો સમાવેશ કરાયો ત્યારે કંઈ જ થયુ નથી તેવુ કહેવાવાળા અને કરવાવાળા મૌન હતા આ કેવા પ્રકારની રાજનીતિ ? હવે શહેરમાં નવા ગામો ઉમેરવાના મુદ્દે રાજનીતિ કરવા કયા મહોંડે નીકળ્યા છે.

બસ આ વિધાન પછી વિપક્ષો ખોટી વાત બંધ કરો ભાજપ ભગાવો ગામડા બચાવોના નારાઓ વચ્ચે વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તેમનો પક્ષ સભાત્યાગ કરી રહ્યો છે તેવી જાહેરાત કરી હતી. તો મેયર રીટાબેન પટેલે પણ તકનો લાભ લઈ પ્રસ્તાવ મતદાન પર મુક્યો હતો અને તરફેણમાં હોય તે હાથ ઉંચા કરે તેવી જાહેરાત કરી હતી.

આજની સામાન્ય સભામાં કોંગ્રસના બે સિનીયર સભ્યો ચીમનભાઈ વિંઝુડા અને મીનાબા વાઘેલા ગેરહાજર હતા તો ભાજપ તરફથી મનુભાઈ પટેલ સામાજિક કારણોસર ગેરહાજર રહ્યા હતા. ભાજપના ૧૬ સભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કરી પ્રસ્તાવ હદ વધારવાનો મંજૂર કર્યો હતો.

હવે આ પ્રસ્તાવ સરકારને મોકલી આપવામાં આવશે અને સરકાર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ડેપ્યુટી મેયર અને વિપક્ષી નેતા વચ્ચે તો મેયર અને જીતુ રાયકા વચ્ચે શાબ્દીક ટપાટપી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા બોલી રહ્યા હતા ત્યારે ગ્રામીણ મહિલાઓ પાણીની માંગ સાથે મનપામાં આવી હતી તે વાતને લઈ વિપક્ષી નેતા અને ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર વચ્ચે શાબ્દીક ટપાટપી થઈ હતી. વિપક્ષી નેતાની વાતનો જવાબ આપતાં જણાવ્યું હતુ કે ગ્રામીણ વિસ્તારમાં પાણીની સમસ્યાના ઉકેલ માટે તંત્ર સતત કાર્યરત છે. નવી ૨૦ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ટાંકી નિર્માણાધીન છે. ગ્રામીણ વિસ્તારની સમસ્યા ઉકેલવા હું જાતે તંત્રના અધિકારીઓને લઈ ગયો હતો.

આ પછી સ્થાયી સમિતિના ચેરમેને કહ્યુ કે બહેનો મનપાની કચેરી જોવા આવી હતી તેવી વાત તેમની સાથે મારે થઈ હતી..!

તો કોંગીના જીતુ રાયકા જ્યારે બોલવા ઉભા થયા ત્યારે મેયર રીટાબેન પટેલ અને તેમની વચ્ચે સતત શાબ્દીક ટપાટપી થતી જોવા મળી હતી જેનાથી વાતાવરણમાં પણ ઉત્તેજના પ્રસરી ગઈ હતી.

જીતુ રાયકાએ કહ્યુ કે તમારે બધુ સાંભળવુ પડશે તમે વાતને આડે પાટે ના ચડાવો... મેયર રીટાબેન પટેલે કહ્યુ કે તમે વિષયની મર્યાદામાં બોલો આ સામાન્ય સભા છે. એક તબક્કે હસમુખ મકવાણાને પણ ટપારતાં મેયર રીટાબેન પટેલે કહ્યુ તમે બોલો બધા તમને સાંભળે છે જ કોઈ તમને ખલેલ નથી પહોંચાડતુ તો સાંભળો મિત્રો એવુ કેમ વારંવાર બોલો છો.

## ૬ઠ્ઠીએ સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સામાન્ય સભા પૂર્ણ થયા પછી ગણતરીના કલાકોમાં જ ૬ ફેબ્રુઆરીએ સ્થાયી સમિતિની બેઠકનો એજન્ડા જારી કરવામાં આવ્યો છે. એક જ મુદ્દો આ બેઠકમાં દર્શાવવામાં આવ્યો છે. આઉટ સોર્સિંગ એજન્સીની મુદત વધારવાની કમિશ્નરશ્રીની દરખાસ્ત પર વિચારણા થશે.

## પોલીસને સભા ખંડમાંથી દૂર કરો

આજે સામાન્ય સભા શરૂ થાય તે પહેલાં જ સભાખંડમાં પોલીસ બંદોબસ્ત જોઈ કોંગી સભ્યો ચોંકી ઉઠ્યા હતા. આ પોલીસને સભાખંડમાંથી દૂર કરવાની માંગ વિપક્ષે કરી હતી.

વિપક્ષી નેતાએ કહ્યુ કે અમે તમને ખાત્રી આપીએ છીએ કે કોઈ સભ્ય તોફાન કરશે નહિ. અમદાવાદમાં હમણાં સામાન્ય સભામાં એક કાઉન્સીલર પોલીસ પહેરામાં આવ્યા તો મેયરે કહ્યુ કે સભ્ય અહિ સલામત છે અને સભા શાંતિપૂર્ણ રહેશે તમે બહાર જાઓ તો પોલીસ સભાખંડ છોડી ગઈ હતી. અમારી ખાત્રી પછી પણ તમે ગભરાવો કેમ છો ?

વિપક્ષી નેતાની માંગણીને ધ્યાને રાખી પોલીસને સભાખંડ છોડવાની સૂચના મેયરે આપી હતી.

## ગાંધીનગરે ઘણુ ગુમાવ્યુ છે ગામડાની પ્રજાને પરેશાન થતી બચાવો...

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરની હદ વધારવાની સ્થાયી સમિતિએ કરેલી ભલામણનો આજે સામાન્ય સભામાં વિપક્ષી નેતાએ વિરોધ કરતાં જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરે રચના પછી ઘણુ ગુમાવ્યુ છે હવે ગામડાની પ્રજાને પરેશાન થતી બચાવો તેવો ગંભીર આક્ષેપ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે સેક્ટરોના દવાખાના બંધ થયા, શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો તંત્રની ફાઈલોમાં અટવાયા તો તમારી પાસે પ્રજાના પ્રશ્નો ઉકેલવાની કોઈ સત્તા નથી. ગાંધીનગર શહેર તેનુ ગ્રીનસીટીનું બિરૂદ પણ ભાજપ સત્તામાં આવતાં ગુમાવ્યુ છે.

તેમણે આક્ષેપોનો મારો કરતાં જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાં વિકાસના કામે મોટુ મીંડુ છે. તેમણે કહ્યુ કે ગામડાઓના વિકાસ માટે તમારા મનમાં જે વાતો હોય તે અંગે શ્વેતપત્ર બહાર પાડી લોકોના મત માંગો એટલે દૂધનુ ધૂધ અને પાણીને પાણી થઈ રહેશે.

કોબા ગામની મુલાકાતે હિમાચલપ્રદેશની ટીમ આવી રહી છે આવા વિકસીત ગામોમાં તમે શું વિકાસ કરવાના હતા. તમારો એજન્ડા જ ભ્રામક છે. તમે કહો છો શું અને કરો છો શું તે પ્રજા જાણે છે.

બિહોલાએ જણાવ્યુ હતુ કે માત્ર ગ્રામીણ વિસ્તારની પ્રજાની પરેશાની વધારવાને બદલે આ પ્રસ્તાવ મુલ્તવી રાખવો જોઈએ અને વિકાસના નામે તિજોરી ભરવાનુ નાટક બંધ કરો. તમારી પાસે સ્ટાફ નથી, કોઈ સેવા નથી છતાંય વિકાસની વાત કરી ગ્રામજનોના ભોળપણનો રાજકીય લાભ લેવાનુ નાટક બંધ કરો તો સારૂ.

**● અમને અમારા ગામ પાછા આપો : હસમુખ મકવાણા**

કોંગ્રેસના હસમુખ મકવાણાએ ચર્ચામાં ભાગ લેતાં કહ્યુ હતુ કે ૧૦ વર્ષ પછી પણ જેમની પાસેથી જમીનો લીધી તેમને કબ્જેદાર બતાવી ગ્રામ્ય વિસ્તારને અન્યાય કરી રહ્યા છો. અમને અમારા ગામ તરીકેની ઓળખ અને હક્ક પાછા આપો એવુ સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની પ્રજા કહી રહી છે.

મકવાણાએ જણાવ્યુ હતુ કે વિકાસના કોઈ કામ કરતા નથી અને થવા પણ દેતા નથી. આ નવા ગામોની પણ હાલત કફોડી કરવાનું પાપ તમે ના કરશો.

**● વાત સ્પષ્ટ કરો કે નવા ગામોમાં માલિકી હક્ક મળશે : રાયકા**

કોંગ્રેસના કાઉન્સીલર જીતુ રાયકાએ ચર્ચામાં ભાગ લેતાં કહ્યું કે ૧૯૬૫માં આ શહેરની રચના થઈ ત્યારે જે ઉદ્દેશ્ય અને હેતુ હતો તે આજે ખત્મ થઈ ચુક્યો છે. તમે હદ વધારો અમને વાંધો નથી ડબલટ્વીન સીટી બનાવો વાંધો નથી. આ પછી પણ ગુડા, કોર્પોરેશન અને બધુ જ રહેવાનું છે પરંતુ જે ગામો ભેળવશો તે રહીશોને માલિક બનાવશો કે કબ્જેદાર તે તો સ્પષ્ટ કરો.

આ ગામો ગુડામાં છે ત્યાં ફાયનલ પ્લોટ છે. ફ્લેટો છે તેના માલિકોને શું બતાવશે. તમે ૨૬મી જાન્યુ.એ જાહેરાત કરી કે અમે ઘ-રોડને સિક્સલેન બનાવીશુ પણ ખરેખર તમારી પાસે આ સત્તા છે ખરી ?

શહેરના પ્રશ્નો ગટરના હજુ વણ ઉકલ્યા છે. પાટનગર યોજનાને ફાળવેલા નાણાં ક્યાં ગયા ? તેનો હિસાબ મળતો નથી. મોટા સ્વપ્રા ના બતાવો વાસ્તવિક બની વાતો કરો.

# હદ વધારવાના મુદ્દે કોર્ટના દ્વાર ગ્રામ્ય વિસ્તાર ખટખટાવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની હદમાં વધારો કરવાની કવાયત તેજ બનતાં જ છ થી સાત જેટલા ગામોએ આ નિર્ણય અને કવાયતને કોર્ટમાં પડકારવા માટેનું મન બનાવી લીધુ છે.

મળતી વિગતો પ્રમાણે સરપંચો દ્વારા આ મુદ્દે કાનૂની વિદ્દો સાથે પરામર્શ પૂર્ણ થઈ ચુક્યો છે અને આગામી એક-બે દિવસમાં જ આ મુદ્દે કોર્ટના વિધિવત્ દ્વાર ખટખટાવવામાં આવશે.

કુડાસણ, સરગાસણ, અંબાપુર, રાયસણ, રાંદેસણ, પોર અને વાવોલ ગામ દ્વારા આ નિર્ણય સામે કોર્ટમાં જવાની સક્રિય વિચારણા ચાલી રહી છે. આ ગામો દ્વારા વડીલો સાથે બેઠક પણ સંપન્ન થઈ ગઈ છે.

સ્થાયી સમિતિમાં બેઠક વધારાને મંજૂરી મળતાં જ પંચાયતી રાજના આગેવાનો હરકતમાં આવ્યા છે. આ લોકોએ પહેલા નિર્ણય કોર્ટમાં જવાનો કર્યો છે અને આ માટે કાનૂન વિદ્દો સાથેની બેઠક સંપન્ન થઈ ગઈ છે.

હદ વધારાની દરખાસ્ત સ્થાયી સમિતિએ મંજૂર કર્યા બાદ આજે મનપાની મળેલ ખાસ સામાન્ય સભાએ પણ વિપક્ષના વોકઆઉટ વચ્ચે આ દરખાસ્તને મંજૂરીની મહોર મારી દીધી છે.

અગાઉ અમદાવાદની હદમાં ભેળવવાના નિર્ણય અંગે પણ એક કેસ હાઈકોર્ટમાં દાખલ થયેલો છે હવે ગાંધીનગરની આસપાસના આ સાત ગામો બીજો કેસ દાખલ કરાશે તેમ મનાઈ રહ્યુ છે.

## આશીષ ભાટીયાને ડીજીપી નહીં બનાવવા હોય તો શિવાનંદ ઝાને એક્સટેન્શન આપશે

**ડીજીપી શિવાનંદ ઝા આગામી એપ્રીલ મહીનામાં જ્યારે ડી.જી. આશિષ ભાટીયા મે-૨૦૨૨માં નિવૃત્ત થાય છે : શિવાનંદ ઝાને ૩-૩ મહિનાના બે એક્સટેન્શન આપવાની વિચારણા ચાલી રહી છે**

ગાંધીનગર, તા. ૩

રાજ્યના ડીજીપી શિવાનંદ ઝા આગામી એપ્રીલ મહિનામાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થઈ રહ્યા છે. તેમના પછી સૌથી સિનીયર આઈપીએસ તરીકે અમદાવાદ પોલીસ કમિશ્નર આશિષ ભાટિયા શિવાનંદ ઝાની જગ્યાએ ડીજીપી બનવાના છે.






પરંતુ સરકાર આશિષ ભાટીયાને ડીજીપી બનાવવા નહીં માંગતી હોય તો જ હાલના ડીજીપી શિવાનંદ ઝાને એક્સટેન્શન આપવામાં આવશે. શિવાનંદ ઝાને ૩-૩ મહીના મળી કુલ ૬ મહિનાનું એક્સટેન્શન આપે તેવી ચર્ચા પોલીસ બેડામાં ચાલી રહી છે. આ અગાઉ ખંડવાવાલાને તે વખતના મુખ્યપ્રધાન મોદીએ ૩ મહિનાનું એક્સટેન્શન આપ્યુ હતું.

ગુજરાતના હાલના ડીજીપી શિવાનંદ ઝા ૨૮ ફેબ્રુઆરી-૨૦૧૮માં ડીજીપી બન્યા હતા, તેઓ આગામી બે મહિના પછી એપ્રીલ-૨૦૨૦માં વય મર્યાદાના કારણે નિવૃત્ત થઈ રહ્યા છે પરંતુ ડીજીપી શિવાનંદ ઝાએ એક્સટેન્શન મેળવવા માટે જોરદાર લોબીંગ શરૂ કરી દીધી છે. તેઓ જાહેરમાં આ વાત સ્વીકારતા નથી પરંતુ ગુજરાત પોલીસના જે

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ઠંડીનું જોર ઘટતા રાહત ગાંધીનગરમાં ૧૩.૨ ડિગ્રી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ઠંડીનું જોર હવે ઘટી રહ્યું છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આનો મતલબ એ થયો કે, હવે ઠંડી ધીમે ધીમે ઘટી જશે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી પણ કોલ્ડવેવને લઈને જારી કરવામાં આવી નથી. આજે નલિયા સિવાય રાજ્યના તમામ વિસ્તારોમાં પારો ૧૦થી ઉપર રહ્યો હતો. ઉલ્લેખનીય નીચુ તાપમાન કોઈ જગ્યાએ નોંધાયું ન હતું. ગાંધીનગરમાં ૧૩.૨, વલસાડમાં ૧૪.૮, રાજકોટમાં ૧૨.૫ અને નલિયામાં ૯.૨ પારો રહ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવાયું છે કે, આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી રહી શકે છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ દમણ દાદરાનગર હવેલીમાં ડ્રાય વાતાવરણ રહેવાની સંભાવના દેખાઈ રહી છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આજે ૧૪.૩ ડિગ્રી રહ્યું હતું. ઠંડા પવનો ફુંકાવાના કારણે સવારમાં લોકોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. જોકે હવે ઠંડી વિદાય લેશે તેમ માનવામાં આવે છે. હવામાન વિભાગ તરફથ કોઈપણ પ્રકારની કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી નથી. જેથી રાહત રહેવાના સંકેત છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનો ચમકારો લોકો અનુભવી રહ્યા છે.

તાપમાન વધ્યુ હોવા છતાં છેલ્લા કેટલાક દિવસથી લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાઈ રહ્યા છે. સવારમાં અને મોડી સાંજે ઠંડીના ચમકારા વચ્ચે બપોરના ગાળામાં લોકોને આંશિક રાહત મળી રહી છે. ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસરને કારણે ઠંડીનું જોર વધ્યું છે જેને લઈને બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં આજે પણ તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો.



શહેરના મુખ્યમાર્ગો પર ઘણીવાર મોટા ગાબડા વાહનચાલકો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર માટી પોલાણ થાય છે. જેના લીધે અનેકવાર અકસ્માતો થાય છે. નગરના ચ-૩ સર્કલ પાસે તુટેલી સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બર પણ જોખમી જોવા મળી રહી છે. તુટેલી ચેમ્બરના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે.

# મધુર ડેરી સુવર્ણ જયંતિ વર્ષ ધામધૂમથી ઉજવશે

**ઉજવણી નિમિત્તે રાજયપાલના હસ્તે ૬ ફેબ્રુઆરીના રોજ ગૌપશુપાલન રથનુ અનાવરણ કરાશે : દરેક ગામે રથ ફરશે : પશુપાલકોને ગીર અને દેશી ગાય અંગે ધાર્મિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રે મહત્વ અંગે જાણકારી અપાશ**

ગાંધીનગર તા ૩

મધુર ડેરી દ્વારા આગામી તા ૬ ફેબ્રુઆરીના રોજ સુર્વણ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. મધુર ડેરીના સાંસ્કૃતિક મેદાનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ગૌપશુપાલન જાગૃતિ રથનુ અનાવરણ કરાશે. જયારે જિલ્લાના દરેક ગામોમાં આ પશુપાલન રથના માધ્યમથી પશુપાલકો તેમજ દુધ ઉત્પાદકોને તમામ જાણકારી આપવામાં આવશે. શહેર આસપાસના ગામોમાં હાઈટેક વિકાસ વચ્ચે પશુપાલકો ઘટી રહ્યા છે. જયારે દુધ ઉત્પાદન પણ ઘટયુ છે. ત્યારે હવે જિલ્લાનો સંઘ બનવા જઈ રહ્યો છે તે પણ આનંદની વાત હોવાનુ ડેરીના ચેરમેને જણાંવ્યુ હતુ.

મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ આર રાણાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી તા ૬ ફેબ્રુઆરીના રોજ મધુર ડેરીનો ૪૯ મો સ્થાપના દિવસ છે. જે અન્વયે વિશેષ ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉજવણીના શુભારંભ પ્રસંગે રાજયપાલ દેવવ્રત આચાર્ય ગૌપશુપાલન જાગૃતિ રથનુ અનાવરણ કરશે. ગીર ગાયનુ ધાર્મિક , સામાજિક અને આર્થિક ક્ષેત્રે મહત્વ બતાવવા ગૌરથ દરેક દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ પર ફરશે. દેશી ગાયનુ મહત્વ, દેશી ગાયના દુધના વિવિધ ફાયદાઓ ,ગાયનુ દુધ , દહીં, ઘી, ગૌ મુત્ર અને ગોબર સુવર્ણયુકત છે. જેની જાણકારી વિવિધ મંડળીઓના પશુપાલકોને આપવામાં આવશે. ગામનો દરેક પશુપાલક ઘરે એક ગીર અથવા દેશી ગાય રાખી ગાય આધારિત કૃષિ ખેતી પ્રાકૃતિક ખેતી કરે અને રોજગારી મેળવે તેવો સંદેશો જિલ્લાના દરેક ગામોમાં ગૌ પશુપાલન રથના માધ્યમથી પહોંચાડાશે. આ દિવસે મધુર ફલેગનુ ઉદઘાટન કરી દરેક ગામમાં મધુર ફલેગની સ્થાપના કરાશે આ ઉપરાંત ખેતી અને પશુપાલન કર્તા પશુપાલકોને ગૌરથ મારફત જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરાશે. દરેક દુધ મંડળી

ચાલુ વર્ષે સુર્વણ જયંતિ મહોત્સવ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાશે. જેમાં વિશ્વ મહીલા દિન , આરોગ્ય દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ ,યોગ દિવસ સહીતના વિવિધ કાર્યક્રમોના માધ્યમથી દરેક ગામોમાં ગુણવત્તાયુકત ગાંધીનગર સ્વચ્છ મંડળી તેમજ સ્વચ્છ દુધ અભિયાનને સાર્થક કરવાનો પ્રયાસ કરાશે. ૬ ફેબ્રુઆરીના રોજ વિવિધ જિલ્લાના ગૌપશુપાલક મહીલાઓને એવોર્ડથી સન્માનિત કરવામા આવશે આ વર્ષે મધુર

● અનુસંધાન પાન-૭ પર


**રી-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

**ટેન્ડર નંબર : ૪૫ - વર્ષ : ૨૦૨૦-૨૧**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | ઈ.એમ.ડી.ની રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વિસ્તારના રહેણાંક તેમજ જાહેર રસ્તાઓ ઉપર સર્કલો, શાકમાર્કેટ, વિસ્તારોના રખડતા પશુઓને પકડીને ઢોર ડબ્બામાં પુરવા તેમજ ઢોરડબ્બાના પશુઓને સુચવેલ પાંજરાપોળના વાહનમાં ચઢાવવા સહિતનું કામ | ૫૦૦૦/- | ૨,૪૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૪/૨/૨૦૨૦ થી તા. ૧૨/૨/૨૦૨૦ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.gmc-egovern.org.in ઉપરથી જોઈ શકાશે. પ્રિબિડ મિટીંગ તા. ૭/૨/૨૦૨૦ સમય : ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીમાં રહેશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડૉક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે.

ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૮/૨/૨૦૨૦ સમય : ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બિડ ઓપનીંગ તા. ૨૦/૨/૨૦૨૦ તથા ઓનલાઈન પ્રાઈઝ બીડ ખોલવાની સંભવિત તા. ૨૪/૨/૨૦૨૦ના રોજ ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૩/૨/૨૦૨૦
માહિતી/૨૨૧૩/૧૯-૨૦

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com